# આદમની જેમ આપણે સર્વએ પાપ કર્યું છે

**આપણા પાપે આપણને અપરાધી ઠરાવ્યા છે, શરમ ઉપજાવી છે અને આપણને બંધનમાં આણ્યા છે.**

**બાળકોને શીખવનારે સ્ટડી S4b નો અભ્યાસ કરવો.**

**પ્રાર્થના :** વહાલા પ્રભુ, તમે અમને પાપના પરિણામોથી છોડાવવાને માટે મરણ પામ્યા. અમારા પાપી સ્વભાવનો સામનો કરવા અને પાપ ઉપર તમારા વિજય વડે વિજયી જીવન જીવવા અમારી સહાય કરો.

ચાલુ જરૂરિયાતો અને રસમ અનુસારની પ્રવૃત્તિઓ પસંદ કરો.

**૧. વિશ્વાસીઓને પોતાના પાપનો સામનો કરવામાં સહાય કરવા પ્રાર્થના અને દેવના વચન વડે તૈયાર થાઓ.**



બાઈબલ શીખવે છે કે દરેક પાપમાં જન્મ્યું છે, બધા પાપી છે અને આપણે બધા પાપ કરીએ છીએ (૧ યો. ૧:૮-૧૦)

**ઉત્પતિ ૩ :૧-૯** વાંચો કો પાપ ક્યાંથી આવ્યું.

- આપણા આદિ માતાપિતાને શેતાને ક્યું જૂઠાણું કહ્યું ? (૪-૫)
- દેવે શેતાનને કઈ શિક્ષા જાહેર કરી ? (૧૩-૧૫)
- આપણા આદિ માતાપિતા વિરુદ્ધ દેવે કઈ શિક્ષા ઉચ્ચારી ? (૧૬-૧૯)

**ગી.શા. ૫૧ :૧-૫** દાઉદે પોતાના પાપ બાબતે શું કહ્યું.

- તેણે તેની કઈ જરૂરિયાતનો સ્વીકાર કર્યો ?(૧,૨)
- તેના પાપો વિષે તેણે શું કહ્યું ? (૩)
- તેણે કોની વિરુદ્ધ પાપ કર્યું ? (૪)
- તે ક્યારથી પાપી બન્યો ? (૫)

**હેબ્રી ૧૨ :૧-૪** આપણું પાપ કેટલું ભયંકર (જોખમકારક) છે



- પાપ કરવામાં આપણે વિશ્વાસીઓ કેટલા ટેવાએલા છીએ ? (૧)
- આપણા પાપને માટે ઈસુએ વધસ્તંભ પર કેટલું સહન કર્યું છે ? (૨)
- બીજા પાપીઓને કારણે આપણને શું થઈ શકે છે ? (૩)
- કેટલીકવાર આપણે પાપને આધિન કેમ થઈ જઈએ છીએ ? (૪)

**આપણા પાપના ત્રણ ભયંકર પરિણામો ઉપજે છે.**

૧. અપરાધ ૨. શરમ અને ૩. બંધન

**૧) અપરાધ :** આપણે દેવ સમક્ષ અપરાધી છીએ.

- જેમ એક અપરાધી પર કોર્ટમાં કેસ ચાલતો હોય અને જજ તેને સજા ફરમાવે, એ જ પ્રમાણે આપણે આપણા પાપોનો હિસાબ દેવને આપવો પડશે.
- પણ આપણા માટે ખુશખબર એ છે કે ખ્રિસ્તે આપણા પાપ વધસ્તંભ પર લઈને તે આપણા બદલામાં મરણ પામ્યા. આ રીતે ઈસુ પર વિશ્વાસ રાખનાર સર્વના પાપ દેવ માફ કરે છે.

**૨) શરમ :** આપણે દેવ આગળ શરમીંદા છીએ.

- જેમ કોઈ માણસ કોઈ શરમજનક કામ કરવામાં પકડાયો હોય તે જ પ્રમાણે જ્યારે દેવ અંતિમ ન્યાયને દિવસે માણસોના દરેક કામો ખુલ્લા કરશે ત્યારે આપણે માટે ખૂબ શરમજનક સમય તે હશે.
- પણ પ્રભુનો આભાર માનીએ કે પ્રભુ ઈસુએ આપણા બદલામાં જાહેર શરમ વધસ્તંભ ઉપર ભોગવી, એ

સારુ કે જ્યારે આપણે પાપથી ફરીએ ત્યારે આપણને શરમમાં મૂકવામાં આવે નહિ.

૩) **બંધન :** આપણે પાપી આદતોના બંધનમાં છીએ

- એક દારૂડીયો માણસ દારુ પિવાનું છોડી શકતો નથી અને તેનું કુટુંબ તેના પીવાને કારણે પાયમાલ થાય છે, એજ પ્રમાણે આપણે પણ દારુ, માદક દ્રવ્યો, જાદુ, જૂઠા દેવો, અનૈતિક પ્રવૃત્તિઓ અને અઘટિત સંબંધોના બંધનમાં છીએ.
- પણ પ્રભુની સ્તુતિ હો. જ્યારે ઈસુ વધસ્તંભ પર આપણે માટે મરણ પામ્યો ત્યારે તેણે શેતાનની શક્તિઓને તોડી પાડી છે અને આપણા બંધનોથી આપણને મુક્ત કર્યા છે.

**૨. સાથીદારો સાથે અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

તમારી મંડળીના સભ્યોની પાપની માફી અને પાપના બંધનથી છુટકારાની જરૂરિયાતો વિષે ચર્ચા કરો.

- ક્યા સભ્યોને તેમણે કરેલા પાપો માટે દેવની માફી પામવી જરૂરી છે ? જાઓ અને તેમની મુલાકાત લો.
- તેમને પાપ કબૂલ કરવામાં સહાય કરો. તેમને પ્રભુની મેજમાં ભાગીદાર બનાવો અને માફી સમજવા માટે તેમની સાથે પ્રાર્થના કરો.
- ક્યા સભ્યો હજુ તેમની જૂની આદતો માટે શરમિંદા છે ? ખ્રિસ્તે તેમની શરમ વધસ્તંભના દુઃખ વખતે ઉઠાવી છે તે તેમને સમજાવો. આ શરમ ઉપર તેઓ વિજયી બને માટે તેમને માટે પ્રાર્થના કરો.
- ક્યા સભ્યોને માદક દ્રવ્યોથી છૂટકારાની જરૂર છે? તેમની મુલાકાત લો. તેમની ભૂંડી આદતો છોડવામાં તેમની સહાય કરો. તમારી ચાલુ રહેનારી સંભાળની તેમને ખાતરી આપો અને તેમના છૂટકારા માટે પ્રાર્થના કરો.

**૩. આવનારી ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન**

આદમ, હવા અને તેમના પતનની વાર્તા કહો. ઉત્પતિ ૩ ઉપર ભાગ ૧ પ્રમાણેના પ્રશ્નો પૂછો.

દાઉદે તેના પાપ વિષે શું કહ્યું તે **સમજાવો** અને ભાગ ૧ ના પ્રશ્નો પૂછો.

રૂમી ૩ :૧૯-૨૩, ૧ યોહાન ૫ :૧૬-૧૯ અને હેબ્રી ૧૨ :૧-૪ ના તથ્યો વિષેની સમજણ ભાગ ૧ મુજબ આપો અને સાથેના પ્રશ્નો પૂછો.

જે વિશ્વાસીઓએ હાલમાં ભૂંડી આદતો અને શેતાનની પીડામાંથી છૂટકારો પ્રાપ્ત કર્યો છે તેઓ **સાક્ષીઓ** આપે.

**બાળકો**એ તૈયાર કરેલા નાટક અને પ્રશ્નો તેમને રજુ કરવા દો.

**પ્રેકૃ. ૧૯ :૧૧-૨૦** વાંચો અથવા ભજવી બતાવો અને સમજાવો કે લોકોએ કેવી રીતે પોતાના પાપ કબૂલ કર્યા અને જાદુના બંધનને જાકારો આપ્યો. આમ, તેઓ માફી પામ્યા. તેઓની શરમ ઉપર વિજય પામ્યા અને અશુદ્ધ આત્માઓના બંધનોમાંથી છૂટકારો પામ્યા.

**પ્રભુની મેજ**ની સેવા માટે ઉત્પતિ ૩ :૬-૧૦ અને ૨૧ વાંચો. સમજાવો કે આદમ અને હવાએ પોતાનું પાપ અને શરમ ઢાંકવા માટે અંજીરીના પાતરાનો ઉપયોગ કર્યો પણ દેવે તેમને પ્રાણીના ચામડા વડે ઢાંક્યાં કારણ કે દેવની નજરથી આપણા પાપ ઢંકાય માટે નિર્દોષ પ્રાણીનું રક્ત જરૂરી છે. આ પ્રાણી બલિદાન પ્રભુ ઈસુની ઉપમારૂપ છે જે આપણે માટે હલવાન બન્યા અને આપણું પાપ દૂર કર્યું. **જૂથ**માં વિશ્વાસીઓ વહેંચાઈ જાય, એકબીજાના જાહેર પાપ કબૂલ કરે એક બીજાની માફી અને છૂટકારા માટે પ્રાર્થના કરે.

સાથે મળીને યશા. ૧ :૧૮ **મુખપાઠ કરો.**

Copyright 2004 © by Paul-Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net.